PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/કવા–૦૩/૧૬–૧૭/ ૧૧૫૯૮ તા. ૨૯/૧૨/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નીતાબેન કમલેશભાઈ ભરડવા,
શેરીનં.–૨, ધરમ નગર મેઈન રોડ,,
શ્યામલ હાઉસ ની બાજુમા,
૧૫૦ ફુટ રીંગ રોડ,
રાજકોટ
મો: ૯૮૨૪૪ ૧૩૯૪૧

**વિષય :–વીજબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૫/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૪.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. ; સીજીઆરએફ : ૪૫/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૧૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: નીતાબેન કમલેશભાઈ ભરડવા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પતિ શ્રી કમલેશભાઈ બી. ભરડવા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૯૯૮૨/૦૪૬૩૬/૫ મા, ફાસ્ટ મીટર અન્વયે બીલીગ થયેલ હોય, તેઓ શ્રી ની મીટર બદલાવવાની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી તેઓનુ મીટર બદલાવી અને તા.૧૧–૦૩–૧૬ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચેકીગ દરમ્યાન મીટર ૪૩.૬૩% વધુ ફાસ્ટ જણાયેલ હોવા છતા, તેઓ ને '' ફાસ્ટ મીટર અન્વયે વધારાની યુનીટ ની રકમ '' તેઓના, જે માહે જુન–જુલાઈ–૧૬ ના વીજબીલ મા, જે રકમ રૂ.૨,૦૭૭/૫૪ જમા અપાયેલ છે. તે ખરેખર યોગ્ય અને વ્યાજબી નથી. તેઓ શ્રી નુ મીટર છેલ્લા ૦૬ વર્ષ થી વધુ ફાસ્ટ ફરતુ હોય, તે ગણતરીએ ૭,૨૦૦ યુનીટ થતા હોય, જેની રકમ રૂ.૪૩,૨૦૦/– હોય, તે રકમ તેઓને જમા મળે તે બાબત તેઓને વ્યાજબી જણાતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની તેમના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૯૯૮૨/૦૪૬૩૬/૫ નુ મીટર ફાસ્ટ ફરતુ હોવા બાબતે ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી તા.૦૪–૦૩–૧૬ ના રોજ, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૯૯૮૨/૦૪૬૩૬/૫ નુ સવાલવાળુ ઈસ્કરા કંપની ના મીટર નં.: પીએમ પીજીવીસીએલ–૦૬૧૬૯૪૨, જે પર્ફોમા –૧૫ નંબર: ૫૩૯૦૮૮ થી તા.૦૪–૦૩–૧૬ ના રોજ, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૧૬૧૦૮ નોંધાયેલ હતા. તેમજ, સ્થળ પર ૧.૮૨૫ કીવો નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે તા.૦૪–૦૩–૧૬ ના રોજ એચ.પી.એલ. કંપની નુ નવુ મીટર નં.:પીજીએસટી–૦૨૯૫૨૦૨૪, જે શરૂઆતના ૦૦૦૦૧ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, સવાલવાળુ ઈસ્કરા કંપની ના મીટર નં.: પીએમ પીજીવીસીએલ–૦૬૧૬૯૪૨, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, પીજીવીસીએલ ની લેબોરેટરી મા, તા.૧૧–૦૩–૧૬ ના રોજ ચકાસણી કરવામા આવેલ હતુ. સદર મીટર ની ટેસ્ટીગ બેન્ચ પર ચકાસણી કરતા, મીટર ૪૩.૬૩% વધુ ફાસ્ટ ફરતુ હોવાની બાબત જણાયેલ છે. આમ, લેબોરેટરી ચેકીગ દરમ્યાન, સદર મીટર ૪૩.૬૩% ફાસ્ટ ફરતુ જણાયેલ હોય, જેથી અરજદાર શ્રી ને, સદર મીટર ના, મીટર ઉતાર્યા પહેલાના, ૦૩ બીલીગ સમયગાળા ના વીજબીલો ના યુનીટ, જે ૪૩.૬૩% વિશેષ ગણતરીએ આવરી લઈ, અને તે મુજબ, ૪૩.૬૩% વધારાના યુનીટ, આગલા ૦૩ વીજબીલ ના સમયગાળા ના બાદ કરી અને તે મુજબ, મીટર ઉતાર્યા પહેલાના ૦૩ વીજબીલ રીવાઇઝ કરી શકાય. |

| | |
|---|---|
| ૨.૩ | ફોરમ કમિટી ની સુચના મુજબ, સદર સવાલવાળા મીટર ની અગાઉ ના વર્ષો દરમ્યાન, પીજીવીસીએલ કક્ષાએથી મીટર ની ચકાસણી થયેલ હોવા બાબતે સ્પષ્ટતા માંગેલ હતી. પરંતુ, આ મીટર ની અગાઉ ના વર્ષો પહેલાની ચકાસણી થયેલ હોવાના દસ્તાવેજીક પેપર્સ કચેરી મા ઉપલબ્ધ નથી. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી એ તેઓ શ્રી ના જોડાણ નુ સવાલવાળુ મીટર ફાસ્ટ ફરતુ હોવા બાબતે ની કોઈપણ પ્રકારની લેખીત અરજી, જે હાલ ની સવાલવાળી અરજી પહેલાના, વર્ષ–૨૦૧૦ થી આજદિન સુધી ના સમયગાળા મા અગાઉ ની અન્ય કોઈ અરજી નોંધાયેલ હોવાની બાબત, સબંધક કચેરી ના રેકડમા જણાયેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ ઈસ્કરા કંપની ના મીટર નં.: પીએમ પીજીવીસીએલ–૦૬૧૬૯૪૨, જે લેબોરેટરી ચેકીગ દરમ્યાન ૪૩.૬૩% ફાસ્ટ ફરતુ હોવાની બાબત – જે રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. વિશેષમા, સદર મીટર '' મીકેનીક '' પ્રકાર નુ હોય, એમ.આર.આઈ. અહેવાલ મળી શકે તેમ નથી. તેમજ, લેબોરેટરી ચેકીગ દરમ્યાન,મીટર ના પારામીટર નો ડેટા પણ મળી આવેલ નથી. તેમ છતા, સદર મીકેનીક પ્રકાર નુ મીટર, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન ૪૩.૬૩% વિશેષ ફરતુ હોવાની બાબત બીલકુલ સ્પષ્ટ થયેલ છે. |
| ૩.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર મીટર, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન ની જણાયેલ '' ઈનએકયુરેસી '' મુજબ એટલેકે ૪૩.૬૩%, એટલેકે ૪૪% વધારે ફાસ્ટ ફરતુ જણાયેલ છે. તે રેકર્ડ આધારીત બાબતને, માન્ય રાખવા યોગ્ય છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ મા કરાયેલ જોગવાઈ મુજબ – '' લેબોરેટરી ચકાસણી દરમ્યાન જણાયેલ મીટર ની ''ઈનએકયુરેસી '' ને ધ્યાને લઈને, તેને આનુષાંગીક રહીને, સવાલવાળા મીટર ના, મીટર ઉતાર્યા પહેલાના, ૦૩ બીલીગ સમયગાળા ના યુનીટ ને, મીટર મા જણાયેલ '' ઈનએકયુરેસી'' અન્વયે નો ધોરણસર નો દરજ્જો આપીને, તે મુજબ, જાહેર થયેલ''ઈનએકયુરેસી ''ને આનુષાંગીક ની ગણતરીએ થતા એવા યુનીટ ,જે સદર ૦૩ વીજબીલો માથી બાદ કરીને બાકી રહેતા યુનીટ નુ બીલીગ કરવાની જોગવાઈ છે. '' જેથી, નામદાર જીઈઆરસી ની માર્ગદર્શક જોગવાઈ હેઠળ ના ધોરણ અન્વયે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર મીટર બદલાવ્યા તા.૦૪–૦૩–૧૬ પહેલાના, ૦૬ માસ ના સમયગાળા ના દિવસો દરમ્યાન અપાયેલ એવા ૦૪ વીજબીલો જે નીચના મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે રીવાઇઝ કરી શકાય. |

| ૩.૩ | ક્રમ | બીલીગ સમયગાળો | અગાઉ થયેલ ૧૪૪% મીટર ફાસ્ટ મુજબના બીલીગ યુનીટ | ખરેખર થવા પાત્ર એવા ( ૧૦૦% એકયુરેસી) મુજબના બીલીગ યુનીટ | ખરેખર થયેલ વધુ ૪૪% મીટર ફાસ્ટ મુજબ ના યુનીટ (૩–૪ = ૫) | રીવાઇઝ ના ધોરણે, આપવા પાત્ર બીલો ના ખરેખર યુનીટ ( કોલમ નં.–૦૪ મુજબ) |
|---|---|---|---|---|---|---|

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| A | ઓગષ્ટ–સપ્ટે– ૧૫ | ૫૪૨ | ૩૭૬ | ૧૬૬ | ૩૭૬ |
| B | ઓક્ટો–નવે.–૧૫ | ૪૯૩ | ૩૪૨ | ૧૫૧ | ૩૪૨ |
| C | ડિસે –જાન્યુ– ૧૬ | ૩૦૦ | ૨૦૮ | ૯૨ | ૨૦૮ |
| D | ફેબ્રુ–માર્ચ– ૧૬ | ૨૩૭ | ૧૬૫ | ૭૨ | ૧૬૫ |
| સરવાળો | | ૧૫૭૨ | ૧૦૯૧ | ૪૮૧ | ૧૦૯૧ |

આમ, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમનુ સવાલવાળુ મીટર બદલાવ્યા તા.૦૪–૦૩–૧૬ પહેલાના, ૦૬ માસ ના સમયગાળા દરમ્યાન ના, અપાયેલ, ઉપરોકત કોઠા મા દર્શાવ્યા મુજબ ના, A,B,C and D મા દર્શાવ્યા મુજબ ના, કુલ ૦૪ દ્રીમાસીક વીજબીલો, જે કોઠા ના કોલમ નં. (૦૩) મુજબ ની વિગતે અગાઉ અપાયેલ હતા. તે તમામ ૦૪ દ્રીમાસીક વીજબીલો ને રદબાતલ કરી, અને કોઠા ના કોલમ નં. (૦૬) મુજબ ની વિગતે, ફરી વખત બનાવી – તે મુજબ સદર ૦૪ દ્રીમાસીક વીજબીલો ને રીવાઇઝ કરી – અને આ મુજબ ની રીવાઇઝ ગણતરીએ થતી આખરી રકમ માથી, આ સમયગાળા દરમ્યાન અગાઉ ભરપાઈ થયેલ રકમ બાદ કરી, અને બાકી રહેતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલ કરવાની રહેશે. સદર ૦૪ દ્રીમાસીક વીજબીલો ને રીવાઇઝ ગણતરી ની તમામ માહિતી ( અગાઉ ના યુનીટ / રીવાઇઝ યુનીટ / અગાઉ ભરપાઈ થયેલ રકમ / આખરી ગણતરીએ બાકી રહેતી રકમ વગેરે વિગત દર્શાવતી બાબતો) દર્શાવતુ સુવ્યવસ્થિત એવુ રીવાઇઝ ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, ખાસ પ્રત્યુતર પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**૩.૪** ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુખ્ય માંગણી મુજબ, તેઓ શ્રી નુ સવાલવાળુ મીટર જે વર્ષ–૨૦૧૦ મા લગાડવામા આવેલ છે. તે સમયે થી જ વધુ ફાસ્ટ ફરતુ હોય, જેથી, હાલમા, સદર મીટર મા જણાયેલ ૪૩.૬૩% ફાસ્ટ ની ગણતરીના યુનીટ, જે – પાછલા ૦૬ વર્ષ ના તમામ બીલો ને અસરકર્તા ગણી, અને તે ગણતરીએ થતા, ફાસ્ટ મીટર અન્વયે, અગાઉ ના ૦૬ વર્ષ દરમ્યાન ના તમામ વીજબીલો મા અપાયેલ વધારે યુનીટ જમા આપવાની બાબત છે.પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી મુજબ ની કાર્યવાહી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની મર્યાદા મા સમાવિષ્ટ ન હોય, પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન રીતે માન્ય રાખી શકાય નહી.

**૩.૫** વિશેષ મા, અરજદાર શ્રી એ સ્વ્યં સ્પષ્ટતા સાથે, ફોરમ કમિટી ને મૌખીક ચર્ચા દરમ્યાન જણાવેલ છે કે, સદર મીટર ૨૦૧૦થી જ ફાસ્ટ ફરતુ હતુ. પરંતુ, ૨૦૧૦ થી આજદિન સુધી તેઓએ કયારેય પણ સદર મીટર ફાસ્ટ ફરતુ હોવાની કોઈ અરજી પીજીવીસીએલ મા નોંધાવેલ નથી. પરંતુ, હાલ ના તબ્બકે, સવાલવાળી માહે માર્ચ– ૨૦૧૬ મા ફાસ્ટ મીટર ની પ્રથમ અરજી જ માત્ર પીજીવીસીએલ મા આપેલ હતી. પીજીવીસીએલ પક્ષકાર તરફથી પણ મળેલ સ્પષ્ટતા મુજબ, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના જોડાણ ના ફાસ્ટ મીટર બાબતે ની, સવાલવાળી અરજી પહેલાના સમયગાળા અગાઉ ની, કોઈપણ લેખીત અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોંધાયેલ નથી. સવાલવાળી અરજી, જે પ્રથમ વખત જ નોંધાયેલ છે. તે બાબત ને રેકર્ડ આધારીત ખરાઈ અન્વયે પૂર્તતા મળેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની, તેમનુ મીટર ફાસ્ટ થવા બાબતે ની, સવાલવાળી પ્રથમ જ અરજી છે. અને તેના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી સવાલવાળુ મીટર બદલાવી અને લેબોરેટરી ચેકીગ દરમ્યાન ૪૩.૬૩% (આશરે ૪૪% વધુ ફાસ્ટ) ફાસ્ટ મીટર જાહેર કરેલ છે. સદર વધુ ફાસ્ટ મીટર અન્વયે ના વધારાના નોંધાયેલ યુનીટ ની ગણતરી – જે જીઈઆરસી ના ધારાધોરણ મુજબ મીટર બદલાવ્યા પહેલાના ૦૬ માસ સુધી જ લઈ શકાય. તે જોગવાઈ ને આનુષાંગીક રહીને જ, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, અગાઉ ના ૦૬ માસ ના સમયગાળા ના બીલીગ ને, ૪૪% વધુ ફાસ્ટ યુનીટ અસરકર્તા રાખી, અને તેનો નિયમાધીન લાભ અરજદાર શ્રી ને આપવા બાબતે નો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

| મુદ્દા નં.–૪ : | હુકમ |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ એવા મુદદા નં. ૩.૩ મા દર્શાવ્યા મુજબ ની વિગતે ના, સદર ૦૪ દ્રીમાસીક વીજબીલો ને રીવાઇઝ ગણતરી ની તમામ માહિતી ( અગાઉ ના યુનીટ / રીવાઇઝ યુનીટ / અગાઉ ભરપાઈ થયેલ રકમ / આખરી ગણતરીએ બાકી રહેતી રકમ વગેરે વિગત દર્શાવતી બાબતો) દર્શાવતુ સુવ્યવસ્થિત એવુ રીવાઇઝ ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, ખાસ પ્રત્યુતર પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

| | |
|---|---|
| (શ્રીમતી કે.જે.મોટાણી ) | (ટી.બી.ભીમાણી) |
| સ્વતંત્ર સભ્ય | ચેરમેન |
| ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ | ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ |

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..